# EDIIના વિદ્યાર્થીઓની મૂર્તિકારોની સેલિંગમાં તો HAના પૂર્વ વિદ્યાર્થીની વર્તમાન વિદ્યાર્થીઓને આર્થિક મદદ

**મૂર્તિ મંગાવવા તન, પર્યાવરણ રક્ષાનું મન, અભ્યાસાર્થે ધન એમ તન, મન અને ધનથી સેવા કરતા વિદ્યાર્થીઓ**

## ગંગાની માટીથી મૂર્તિ બનાવતાં કસબીઓ અને ગ્રાહકો વચ્ચે સ્ટુડન્ટ્સ બન્યાં માધ્યમ

**ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિને પ્રમોટ કરવા ઈડીઆઈઆઈના વિદ્યાર્થીઓએ ઝડપ્યું બીડુ**

વિજય ચૌહાણ | અમદાવાદ

આજે અમદાવાદીઓમાં પોતાના ઘરે, સોસાયટી અને ઓફીસમાં ગણેશ પ્રતિમાંનું સ્થાપન કરીને ગણેશ ઉત્સવના રંગે રંગાશે. ત્યારે ગણેશ ઉત્સવમાં આધ્યાત્મની સાથે પર્યાવરણને નુકશાન ન પહોંચે તે માટે પીઓપીથી બનતી મૂર્તિઓના સ્થાને ઈકો-ફ્રેન્ડલી મૂતિઓનો યુઝ કરવાનું કેમ્પેઈન હાથ ધરાયેલું છે. દિવ્ય ભાસ્કર દ્વારા પણ પર્યાવરણ બચાવો મેસેજ સાથે માટીના ગણપતિને ઘરે લાવવા વાચકોને અપીલ કરાઈ રહી છે ત્યારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ)ના સ્ટુડન્ટ્સ શશાંક વર્મા, પ્રશાંત જેઠવાની, આદિત્ય ભાવસાર, શ્રીકેશ પિલ્લઈ અને સચિને કોલકાતાના ગંગા કિનારાની માટીની ઈકો-ફ્રેન્ડલી ગણેશમૂર્તિ બનાવતા મૂર્તિકારોને હેલ્પ કરી રહ્યા છે.

ઈડીઆઈઆઈ સ્ટુડન્ટ્સ ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનું ઘરે સ્થાપન કરવા ઈચ્છતા ગ્રાહકોને ગંગાના પાણીના સ્પર્શથી પવિત્ર થયેલી માટીમાંથી જ ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવતા કારીગરો પાસેથી મંગાવી આપે છે. આ માટે તેઓ કોઈપણ પ્રકારનો ચાર્જ ગ્રાહક પાસેથી વસૂલતા નથી. અત્યાર સુધી તેઓ 10થી વધારે મોટી મૂર્તિઓ લોકો સુધી પહોંચાડી ચૂક્યાં છે. કોલકાતા એક લોકલ ટ્રેડર પાસેથી વિદ્યાર્થીઓ ગ્રાહકોની ડિમાન્ડ પ્રમાણે મૂર્તિઓ મંગાવી આપવાનું અને પહોંચાડવાનું કામ કરે છે.

### દરેક ફેસ્ટિવલમાં લોકો સુધી પહોંચાડીશું ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ



આ અંગે જણાવતાં શશાંક વર્માએ કહ્યું કે, 'અમારો મુખ્ય હેતુ એક જ છે કે લોકો સુધી વધારેમાં વધારે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ પહોંચે જેથી પર્યાવરણને નુકસાન થતું અટકાવી શકાય. ગણેશ ઉત્સવ જ નહીં પણ મૂર્તિઓ સાથે જોડાયેલાં દરેક આધ્યાત્મિક ફેસ્ટિવલમાં અમે આ પ્રકારે મૂર્તિઓ પહોંચાડવાનું કામ કરીશું.'



### EDII કેમ્પસમાં પણ લવાશે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ

ઈડીઆઈઆઈ ખાતે પણ ગણેશ ઉત્સવનું આયોજન કરાયું છે. જેમાં આ વખતે સ્ટુડન્ટ્સે કોલકાતાની ગંગાના પાણીથી પવિત્ર થયેલી માટીમાંથી બનેલી મૂર્તિ લાવ્યા છે. સ્ટુડન્ટ્સે આ માટે પહેલાંથી જ કોલકાતાના મૂર્તિકારને ઓર્ડર આપી દીધો હતો.

## HAના પૂર્વ સ્ટુડન્ટની 10 વર્તમાન વિદ્યાર્થીઓને 7 લાખની સહાય

**USAમાં એમબીએ કરવાં જતાં વિદ્યાર્થીઓને 13 લાખની સ્કોલરશીપ આપવામાં આવશે**



સિટી રિપોર્ટર | અમદાવાદ

એચએ કોલેજના વિદ્યાર્થીઓને આગળ ભણવા માટે મદદ મળી રહે તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલ દ્વારા સ્કોલરશીપરૂપે આર્થિક સહાય કરવામાં આવે છે. અમેરિકામાં રહેતાં ચિરાગે નિઃસ્વાર્થ ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ ગયા વર્ષે બીકોમ કરી ચૂકેલાં દસ વિદ્યાર્થીઓને સ્ટડી ખર્ચ માટે પાંચ લાખ રૂપિયાની સ્કોલરશીપ આપી હતી. આ જ વિદ્યાર્થીઓને આ વર્ષે પણ મદદ મળી રહે તે માટે સાત લાખ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવી છે. આ દસ વિદ્યાર્થીઓને સ્કોલરશીપરૂપે કોલેજ ખાતે ચેક આપવામાં આવ્યાં હતા.

આ અંગે માહિતી આપતાં એચ. એ. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકિલે કહ્યું કે, ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ચિરાગ પટેલ આ મદદ કરે છે. જેઓ ઈન્ડિયા ઉપરાંત બહાર પણ ભણી શકે તે માટે સહાય કરે છે. જે અંતર્ગત ગયા વખતે 3 વિદ્યાર્થીઓ સ્ટડી માટે વિદેશ ગયા છે. તેમને 13 લાખની સ્કોલરશીપરૂપે સહાય કરવામાં આવી હતી. જેમને આ વર્ષે પણ સ્કોલરશીપ આપવામાં આવશે. આ વર્ષમાં પણ એચ.એ.થી પાંચ વિદ્યાર્થીઓએ અમેરિકામાં એમબીએ કરવા માટે તૈયારી દર્શાવી છે. જેમાંથી બે સ્ટુડન્ટ્સના વિઝા પણ થઈ ગયા છે. આ વિદ્યાર્થીઓને લેવા માટે ન્યૂજર્સીની સિટી યુનિવર્સીટીથી પ્રો ટમેરા કનિંગહામ એચ.એ. કોલેજ આવશે. ભારતમાં ભણવા માટે અન્ય વિદ્યાર્થીઓને આર્થિક સહાય સ્કોલરશીપરૂપે મળી રહે તે માટે નવી અરજીઓ મંગાવવામાં આવશે.'